# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ભોયતળીયે, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર–૧૯, ગાંધીનગર.

## જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં

# ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત દિવ્યાંગજનો માટે મુખ્ય શિક્ષકની ભરતી

## વર્ષ: ૨૦૨૬ (પ્રથમ પ્રસંગ) ની કામચલાઉ મેરીટયાદી પ્રસિધ્ધ કરવા અંગેની જાહેરાત

જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત દિવ્યાંગજનો માટે મુખ્ય શિક્ષકની ભરતી વર્ષ ૨૦૨૬ (પ્રથમ પ્રસંગ) ની જગ્યાઓ મેરીટના ધોરણે ભરવા મેરીટયાદી તૈયાર કરવા માટે તા.૨૫/૦૫/૨૦૨૫ ના રોજ વર્તમાનપત્રોમાં જાહેરાત ક્રમાંક ૦૫/૨૦૨૬ થી જગ્યા ભરવા જાહેરાત આપીને ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓન–લાઇન અરજીઓ માંગવામાં આવેલ હતી. જેના અનુસંધાને ઉમેદવારોની કામચલાઉ મેરીટયાદી https://dpegujarat.in વેબ સાઇટ ઉપર તા.૦૭/૦૭/૨૦૨૬ ના રોજ ૧૮:૦૦ કલાકે પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. ઉમેદવાર મેરીટ માટે લોગિન પર ક્લીક કરી તેમના અરજીપત્રક પર દર્શાવેલ HTAT પરીક્ષાનો નંબર અને વર્ષ, મોબાઈલ નંબર અને પાસવર્ડ એન્ટર કરવાનો રહેશે. મેરીટક્રમ જોવા માટે લોગિનમાં મુકેલ મેરીટની લીંક પર ક્લીક કરવાથી પોતાનો મેરીટક્રમ અને મેરીટ વેબ સાઇટ ઉપર જોઇ શકશે. ત્યારબાદ વાંધા અરજી લખેલી લિંક પર ક્લીક કરવાથી ઉમેદવારના અરજીપત્રકની જરૂરી તમામ વિગત જોઈ શકાશે.

(1) ઉમેદવારો તેઓના નામ, લાયકાત, કેટેગરી અને મેરીટ ગુણ વગેરેમાં જો કોઇ ક્ષતિ હોય તો ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તા.૦૭/૦૭/૨૦૨૬ થી તા.૧૦/૦૭/૨૦૨૬ દરમ્યાન તમામ ઉમેદવાર ઓન–લાઇન સુધારા પત્રક (વાંધા અરજી) ની પ્રિન્ટ મેળવી શકશે. આ સુધારા પત્રકમાં તમારી વિગત દર્શાવેલ છે તેમાં જો કોઇ સુધારો કરવાપાત્ર હોય તો જ સુધારા પત્રકમાં વિગત સુધારી જરૂરી આધારો સાથે વાંધા અરજી તા.૦૮/૦૭/૨૦૨૬ થી તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ ૧૧.૦૦ થી ૧૮.૦૦ કલાક સુધી આપવાની રહેશે. સુધારા પત્રકમાં નવી વિગતો ઉમેરી શકાશે નહી.

(2) જે વિગતોનો સુધારો કરવાનો હોય તેના સમર્થનમાં જરૂરી આધાર પુરાવા જોડી સુધારા પત્રક (વાંધા અરજી) ઉમેદવારે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, વિદ્યાસહાયક ભરતી કાર્યાલય, સેક્ટર–૨૦, ગાંધીનગર ખાતે રૂબરૂ જઇને જમા કરાવવાનું રહેશે. સુધારામાં રજૂ કરેલ વિગતના અસલ પુરાવા (પ્રમાણપત્ર) સિવાય વાંધા અરજી કોઇ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી તેની ખાસ નોંધ લેવી. વાંધા અરજી અન્વયે કરેલ સુધારા જાહેરાતના સંદર્ભમાં સુસંગત હશે તો જ ગ્રાહ્ય રાખી સુધારો કરવામાં આવશે.

(3) ફાઇનલ મેરીટયાદી અને મેરીટમાં આવતાં ઉમેદવારો માટે કોલ લેટર વિગેરે માટેની સુચનાઓ હવે પછી વેબ સાઇટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે. તેથી ઉમેદવારોએ ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી નિયમિત https://dpegujarat.in વેબ સાઇટ જોતા રહેવું.

તા.૦૭/૦૭/ ૨૦૨૬

સ્થળ:–ગાંધીનગર

પી.કે. ત્રિવેદી
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ અને
પ્રાથમિક શિક્ષણ નિયામક,
ગુજરાત રાજ્ય ગાંધીનગર.